# ઉત્તરાયણમાં ઘરફોડીયા બેફામ બન્યા..

ગાંધીનગર, તા. ૧૫

ઉત્તરાયણ પર્વ દરમ્યાન મોટાભાગે નગરજનો અમદાવાદ ખાતે રહેતા સંબંધીઓ કે સગા વ્હાલાઓના ઘરે જતાં હોય છે. કેમ કે અમદાવાદની સરખામણીમાં ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ખુબ જ ઓછા પતંગ ચગે છે. જેથી પતંગરસિયાઓ અમદાવાદ કે પોતાના વતને ચાલ્યા જાય છે. આ સમયનો લાભ

## સેક્ટર-૪માં મહિલાનો દોરો લુંટાયો

સેક્ટર-૪-સી ખાતે રહેતા સરોજબેન આજે સમી સાંજે આંતરીક માર્ગ પરથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો તેમની નજીક ગયા અને ગળામાં હાથ મારીને સોનાનો પહેરેલો દોરો લુંટી ફરાર થઈ ગયા હતા. મોડી સાંજ સુધી મહિલા પોલીસમથકે ફરીયાદ કરવા ગયા ન હોવાનું જાણવા મળ્યું છે.

ઉઠાવી ઘરફોડીયાઓ પણ બેફામ બન્યા હતા. વાવોલ, કુડાસણ અને સેક્ટર-૫ વિસ્તારમાં પાંચ મકાનોના તાળા તોડી તસ્કરો હાથફેરો કરી ગયા અને પોલીસ પેટ્રોલીંગ જ કરતી રહી..! હવે નગરજનોમાં એક જ સવાલ છે કે 'રાત્રે પેટ્રોલીંગમાં ફરતી પોલીસ હોય છે ક્યાં ?'

મળતી માહિતી મુજબ ઉત્તરાયણની પરોઢીયે વાવોલ ગામની

**સેક્ટર-૫માં એક મકાન, વાવોલમાં બે મકાન અને કુડાસણમાં બે મકાનોના તાળા તોડીને તસ્કરોએ પોલીસનું નાક વાઢી નાંખ્યુ : નગરજનોમાં એક જ સવાલ ''રાત્રે પોલીસ હોય છે ક્યાં ?''**

શાલ્વીક હોમ્સના મકાન નં. ૩૪માં ચાર ઘરફોડીયાઓની ગેંગ ઘુસી હતી. મકાનમાલીક વિજયભાઈ કોસ્ટી પરિવાર સાથે ઉત્તરાયણની પુર્વ સંધ્યાએ જ મકાનને તાળુ લગાવી અમદાવાદ ઉત્તરાયણ કરવા નીકળી ગયા હતા. દરવાજા બહાર લાગેલી જાળીનું લોક તોડવાના અવાજ સાંભળી સોસાયટીના રહીશો જાગી ગયા અને ઘરફોડીયાઓને પડકાર્યા હતા. જોકે ઘરફોડીયાઓ નાસી છુટવામાં સફળ રહ્યાં હતા. તાળુ તોડીને અંદર ઘુસી ગયેલા તસ્કરો સોસાયટીના રહીશો તેમની તરફ આવી રહ્યા હોવાના સંકેત મળતા જ કોઈ ચોરી કર્યા વગર ફરાર થઈ ગયા હતા. તો બીજી તરફ ત્યાંથી થોડે જ દૂર આવેલી સિદ્ધાર્થ બંગ્લોઝ સોસાયટીમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. મકાન નં. ૨૪માં રહેતા ગૌતમભાઈ ભટ્ટના બંધ મકાનમાં તાળા તોડીને અંદરથી પાંચ તોલાના સોનાના દાગીના તથા રોકડ સહીતના માલ ચોરી થઈ જવા પામ્યો હતો. જો કે આજે મોડી સાંજ સુધી પોલીસ ફરીયાદ નોંધાવા પામી ન હતી. તે ઉપરાંત સેક્ટર-૫-ડી પ્લોટ નં. ૧૨૩૫/૨માં રહેતા દિનેશભાઈ પોપટભાઈ પટેલના બંધ મકાનનું ઈન્ટરલોક તોડી અંદરથી દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૪૮,૮૦૦ની મત્તા ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. તો બીજી તરફ કુડાસણના પ્રમુખ એકઝોરીમના મકાન નં. બી/૨૦૩માં વિપુલભાઈ વિંઝુડાના ઘરનું તાળુ તોડી અંદરથી દાગીના તથા ૮ હજાર રોકડા મળી રૂ. ૬૯ હજારની મત્તા અને તેમની બાજુના મકાન નં. ૧૦૪માં રહેતા બિપીનચંદ્ર આત્મારામના મકાનમાંથી ૧૦ હજાર રોકડા તથા દાગીના મળી રૂ. ૨૯ હજારની મત્તાની ચોરી કરી ઘરફોડીયા સપાટો બોલાવી રફુચક્કર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે.

## પીએસઓ સાહેબે રહીશોના ફોન જ ન ઉપાડ્યા..!

### ઘરફોડીયાઓને તાળા તોડતા જોનાર સોસાયટીના રહીશે પરોઢીયે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફોન કર્યા હતા

વાવોલ શાલ્વીક હોમ્સ ખાતે મકાન નં. ૩૪ના દરવાજાનું તાળુ તોડી રહેલા ઘરફોડીયાઓને સામેના મકાનમાં રહેતા સોસાયટીના પડોશી જોઈ જતા આસપાસના પડોશીઓને ફોન કરીને ઘરફોડીયાઓની જાણ કરી ચાર શખ્સોને પકડી પાડવા ટ્રેપ ગોઠવી હતી. જેમાં પોલીસની મદદ લેવા એક રહીશે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો પરંતુ પીએસઓ સાહેબ પરોઢીયે ખુબ કામમાં હશે કાં તો મીઠી નિંદ્રામાં હશે પણ ફોન જ રીસીવ કર્યો ન હતો. આખરે સોસાયટીના રહીશોએ જાતે ટ્રેપ ગોઠવી પકડવા પ્રયત્ન કર્યો પરંતુ પથ્થરમારો કરીને ચારેય શખ્સો ખેતરો તરફ ભાગી છુટ્યા હતા.

# બે માર્ગ અકસ્માતોમાં ત્રણના મૃત્યુ

**ઉત્તરાયણની પૂર્વ રાત્રીએ શહેરમાંથી દોરી-પતંગ ખરીદીને ઘરે જતા બે ટીનએજર યુવાનો બાઈક સાથે ટર્બો ટ્રકમાં ઘુસી ગયા : સે. ૩૦ સર્કલ નજીક સ્મશાન પાસેના વળાંક પર બનેલી ઘટના : પ્રભુપુરા પાસે કારની અડફેટે બાઈકચાલક યુવાનનું મોત**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર આસપાસના બે સ્થળોએ ઉત્તરાયણ પર્વ દરમ્યાન બે અલગ અલગ ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં બે ટીનએજર યુવાનો સહીત ત્રણ યુવાનોના મૃત્યુ નિપજ્યા હતા. પાલજ અને કોલવડા ગામના બે મિત્રો બાઈક લઈને ઉત્તરાયણની પૂર્વ રાત્રે શહેરમાંથી પતંગદોરી ખરીદીને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે સે. ૩૦ સર્કલથી આગળ સ્મશાન પાસેના વળાંક પાસે ટર્બો ટ્રક સાથે બાઈક અથડાતા બંનેના મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે પ્રભુપુરા પાસે આઈ-૨૦ કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં દશક્રોઈના બાઈકચાલક યુવાનનું મૃત્યુ થયું હતું.

મળતી માહિતી મુજબ લેકાવાડા ગામનો ૧૮ વર્ષીય



ધવલસિંહ અર્જુનસિંહ પઢાર અને તેનો પાલજ રહેતો મિત્ર ૧૯ વર્ષીય દિલીપસિંહ મુકેશસિંહ બિહોલા બંને ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર શહેરમાં આવ્યા હતા અને રાત્રે પતંગ દોરી લઈને ઘર તરફ જઈ રહ્યા હતા. સે. ૩૦ સર્કલથી થોડા આગળ પલ્સર બાઈક પર બંને નિકળ્યા ત્યારે સ્મશાન પાસેના વળાંક પર ટર્બો ટ્રકમાં બાઈક ઘુસી ગયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં બંને યુવાનોના અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યા હતા. તો બીજી તરફ હિંમતનગરથી અમદાવાદ જતા માર્ગ પર ફિરોજપુર-પ્રભુપુરા પાસે આઈ-૨૦ કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં દશક્રોઈના બે યુવાનો ૩૪ વર્ષિય અમીરજી લાલાજી ચૌહાણ અને વિનોદજી ચેલાજી ચૌહાણ ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં અમીનજીનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ડભોડા પોલીસે ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.



**ભાજપનું પક્ષી બચાવો અભિયાન**

ગાંધીનગરમાં ભાજપ દ્વારા પક્ષીઓને પતંગની દોરીથી બચાવવા માટે ખાસ અભિયાન હાથ ધરાયું હતું. આ અભિયાન અંતર્ગત મકાનો, ઝાડ, થાંભલાઓ તથા માર્ગો પર પડી રહેલી બિનઉપયોગી પતંગની દોરીઓ હટાવવામાં આવી તેનો નિકાલ કરાયો હતો. આ અભિયાનમાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સે. ૨૪ના કોર્પોરેટર પ્રવિણાબેન દરજી અને વોર્ડ પ્રમુખ કેતનભાઈ જોશી સહિત કાર્યકરો જોડાયા હતા.

## ખૂણે ખાંચરેથી...

● આ રવિવારે શિક્ષણ સેવા વર્ગ-૧ની ખાલી જગ્યાઓ માટે પરીક્ષા યોજાશે

● શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાન અંતર્ગત ૧૮મીથી ચાર દિવસની તાલિમ શિક્ષણ મોનીટરીંગ અધિકારીઓની સર્વ શિક્ષા અભિયાન દ્વારા આરંભાશે.

● આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાતંત્રમાં અધિકારીઓ મીટીંગોમાં વ્યસ્ત રહેશે.

● આજે વાસી ઉત્તરાયણને પગલે કર્મચારીઓની પાંખી હાજરી કચેરીઓમાં જોવા મળી હતી.

● ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે કાર્યરત કૂતરા-કબુતરા ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણના દિવસે દોરીની ગુંચો એકત્ર કરી અને તેને ઉકેલનાર બાળકને ખજૂર ખવડાવવામાં આવે છે.

● શહેરના એક અગ્રણી ઉદ્યોગકારના નિવાસસ્થાને ગઈકાલે ઉત્તરાયણને લઈ 'ભવાઈ' તેમના નજીકના મિત્રો દ્વારા પ્રસ્તુત કરી નિર્દોષ આનંદ લેવાયો હતો. આ સાથે રંગારંગ કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું.

● કમૂરતા પૂર્ણ થતાં જ જિલ્લામાં લગ્નસરાનો ધમધમાટ શરૂ થઈ જવા પામ્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**સાહેબ... આંગળીમાં દોરી વાગી, કાનમાં ધાક પડી ગઈ છે, ગળુ બેસી ગયું છે, વટાણા પાપડી પડ્યા પડ્યા પેટમાં દુઃખાડે છે... અને તમારી ફી આપવાનાં પૈસા પણ વપરાઈ ગયા છે...!!**

# શહેરમાં બે દિવસમાં ૩૦ નાગરિકો દોરીથી ઘવાયા

ગાંધીનગર, તા.૧૫

ઉતરાયણ પર્વની નગરજનો પતંગ ચગાવીને આનંદ ઉલ્લાસ થી ઉજવણી કરે છે. પરંતુ પતંગની કાતિલ દોરી ટુ વ્હીલર વાહન લઈને પસાર થતા ચાલકો માટે જોખમી બને છે. શહેરમાં પતંગની દોરીથી બે દિવસમાં ૩૦ વાહન ચાલકોને ઈજા પહોંચી છે. જયારે પતંગ ચગાવતી વખતે ધ્યાન ન રાખતા નીચે પડી જવાના ૫ અને તુક્કલ થી દાઝવાના ૨ બનાવો બનવા પામ્યા છે.

મકરસંક્રાતિની રાજયભરમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી છે. ત્યારે શહેરમાં પણ વહેલી સવારથી જ પતંગ રસિયાઓ ધાબા પર ચડી જઈને પતંગ ચગાવીને આકાશી યુધ્ધ ખેલ્યું હતું. આકાશ દિવસ દરમિયાન રંગબેરંગી પતંગોથી ભરાઈ ગયું હતું. ધાબા પરથી કાપ્યો છે.. લપેટ જેવી બુમો સાંભળવા મળી હતી. ત્યારે શહેરમાં પતંગ રસિકોની પતંગની દોરી માર્ગો વચાળે આવતા નગરના વિવિધ સ્થળો પર વાહન ચાલકો માટે જોખમી બની છે. ઉતરાયણમાં ઘરેથી કામ અર્થે અન્ય સ્થળે જતા વાહન ચાલકોને પતંગની દોરી વાગતા ઈજા પહોંચ્યાના બે દિવસમાં ૩૦ બનાવ નોંધાયા છે. જેમા એક વાહનચાલકને ગળાના ભાગે ૧૨ ટાંકા આવ્યા છે. આ યુવાન ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે અન્ય વાહનચાલકોને હાથે તેમજ પગે દોરી વાગવાથી સામાન્ય ઈજા પહોંચવાના બનાવ બન્યા છે. જિલ્લામાં ઉતરાયણમાં પતંગ ચગાવતી વખતે સાવચેતી ન રાખતા અગાસી, ધાબા તેમજ પતરા પરથી નીચે પડી જવાના ૫ બનાવ અને તુક્કલથી દાઝી જવાના ૨ બનાવ બન્યા છે. ઉતરાયણમાં સૌથી વધુ ટુ-વ્હીલર લઈને જતા ૩૦ વાહનચાલકો ભોગ બન્યા છે. ઉતરાયણ પર્વમાં શહેરની સિવિલ હોસ્પિટલમાં ભારે ધસારો જોવા મળ્યો હતો. દોરી વાગવાથી, નીચે પડવાથી, દાઝી જવાથી ઈજા પહોંચેલા મોટાભાગના દર્દીઓ ગાંધીનગર સિવિલમાં સારવાર મેળવી રહ્યા છે તો બીજા અન્ય દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે.

**ગાંધીનગર જીલ્લામાં બે દિવસમાં ૨૨ અકસ્માત નોંધાયા**

ગાંધીનગર જીલ્લાના માર્ગો ઉતરાયણ પર્વમાં પણ અકસ્માતોથી ગુંજી ઉઠ્યા છે. ગાંધીનગરના વિવિધ માર્ગો પર નાના મોટા ૨૨ અકસ્માતોના બનાવ બનવા પામ્યા છે. ગાંધીનગર જીલ્લામાં વાહન અકસ્માતોની સાથે સાથે ઉતરાયણમાં પતંગ પકડવા માટે માર્ગો પર જોયા વિના આંધળી દોટ મુકતા લુંટારાઓનો પણ અકસ્માતમાં સમાવેશ થાય છે.

ઉતરાયણ પર્વમાં ગાંધીનગર જીલ્લામાં મારો પતંગ કેમ કાપ્યો, પતંગ કેમ પકડયો, મારી દોરી કેમ કાંપી નાંખી, લંગચીયું કેમ નાખ્યું સહિત નાની બાબતોમાં ઉગ્ર થઈ જતા મારામારીના ૯ જેટલા બનાવ નોંધાયા છે.

ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની લ્હાયમાં પતંગ રસિયાઓ જમવાનું પણ ભુલી જાય છે. મિત્રો, સગા-સ્નેહીઓ સાથે ધાબા પર પતંગ ચગાવતા રસિયાઓ પોતાની શારિરીક ક્ષમતા ખોઈ બેસતા જિલ્લામાં ૭ જેટલા પતંગ શોખીન બેભાન થઈ જવાના બનાવ બન્યા હતા.

# ઘાસચારામાં જંતુનાશક દવા ભેળવી ગાયોને મારી નાખવાનો નિષ્ફળ પ્રયાસ

**સાદરા ખાતે મકરસંક્રાંતિએ દાન-પુણ્યમાં આવેલા પૂળામાં રાત્રીએ કોઈએ ફોરેટ નાખ્યુ, ૪૦૦ પૂળા ગ્રામજનોએ બાળી નાખ્યા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક આવેલા સાદરામાં મકરસંક્રાંતિના બિજા દિવસે અઘટિત ઘટના બનતા અટકી ગઈ છે. દાન-પુણ્યના મહાન પર્વ નિમિત્તે સાદરા ગામના



ચોરાએ શ્રદ્ધાળુઓ દ્વારા ગાયધન માટે જારના પૂળાનું દાન થયું હતું. મોટી સંખ્યામાં પૂળા ભેગા થયેલા હતા. જે પૈકી વધેલા પૂળા બિજા દિવસે ઉપયોગી બનશે તે હેતુથી ત્યાં જ રહેવા દીધા હતા. પરંતુ કોઈ રાક્ષસી મનોવૃત્તિવાળા શખ્સ દ્વારા આ વધેલા પૂળામાં રાત્રીએ ફોરેટ નામની અતિ ઝેરી જંતુનાશક દવા નાખી દીધી હતી. જેની જાણ શુક્રવાર વહેલી સવારે થતાં જ આ પૂળા ગામલોકોએ બાળી નાખી મહામુલી ગાયધનને બચાવી લીધું હતું. જો કે આવુ અધમ કૃત્ય કરનાર માટે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

મળેલ વિગતો મુજબ ગાંધીનગરના નદી કિનારે આવેલુ સાદરા ગામ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલું છે. ઉત્તરાયણ નિમિત્તે ગામની ગાયો માટે સૌ કોઈએ યથાશક્તિ ઘાસચારો ગામ વચ્ચોવચ્ચ ચોરામાં આપ્યો હતો. અને આ ઘાસચારો એટલે કે જારના પૂળા મોટી સંખ્યામાં એકઠા થયા હતા. દાન-પુણ્ય માટે એકઠા થયેલા આ પૂળા પૈકી ગાયોએ તૃપ્ત થાય તેટલો ખોરાક લીધો હતો. બીજા ૪૦૦ જેટલા પૂળા તેજ સ્થળે રહેવા દઈ બીજા દિવસે એટલે કે શુક્રવારે ચારા માટે કામ આવશે તેવો શુભ આશય ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો.

પરંતુ મકરસંક્રાંતિની મોડી રાત્રીએ કોઈ અજાણ્યા વિકૃત માનસિક ધરાવતા શખ્સ દ્વારા આ ઘાસચારામાં અતિ જલદ ઝેરી જંતુનાશક ફોરેટ નામની દવા નાખી દઈ ગાયધનને મારી નાખવાનો કારસો રચ્યો હતો. જો કે ફોરેટ અતિ પ્રમાણમાં દુર્ગંધ મારતી દવા હોવાથી આ ઘાસચારો ત્યાંથી પસાર થતા લોકોમાં વાસ મારતો હોવાનું જણાયું હતું



જેથી ગામ લોકો એકઠા થઈ ગયા હતા અને ગાયો આ ઘાસચારો ખાવા પ્રેરાય તે પહેલા ૪૦૦ જેટલા પૂળા તાત્કાલીક બાળી નાખ્યા હતા. હિંદુ ધર્મમાં અતિ શ્રદ્ધાથી પૂજાતી ગાયમાતા માટે આવુ કૃત્ય કરનારની ભારે શોધખોળ ગ્રામજનો કરી રહ્યા છે અને આવી વિકૃત અને રાક્ષસી મનોવૃત્તિ ધરાવતા શખ્સ વિરૂદ્ધ ધિક્કારની લાગણીઓ પેદા થઈ છે. જો કે ગ્રામજનોની સજાગતાએ ગાયોના જીવ બચી ગયા છે અને કોઈ અઘટિત ઘટના ન બનતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.